# કેલિફોર્નિયાના મતદારો માટે ભાષા સહાયતા

નવેમ્બર 2020 માં મત આપવા માટે તમને જે જાણવાની જરૂર છે તે ગુજરાતીમાં જાણો

ASIAN AMERICANS ADVANCING JUSTICE
ASIAN LAW CAUCUS

**ખાસ સૂચના!**
**તમારી પસંદીદા ભાષાને અપડેટ કરવા માટે** https://voterstatus.sos.ca.gov **પર ઓનલાઇન જાઓ અથવા તમારી ચૂંટણી ઓફિસ પર કોલ કરો. જો તમારા ક્ષેત્ર માટે ભાષાંતર સામગ્રી ઉપલબ્ધ હશે, તો તે તમને મફતમાં મોકલવામાં આવશે.**

**જો તમે આમાંથી કોઈ એક કાઉન્ટીમાં રહો છો:**

| | |
|---|---|
| લોસ એન્જલસ<br>(800) 815-2666 | સાન્ટા ક્લેરા (408) 299-8683<br>અથવા (866) 430-8683 |
| ઓરેન્જ<br>(714) 567-7600 | વેન્ટુરા<br>(805) 654-2664 |

**જો તમે ઘરેથી મત આપતા હોવ તો:** તમે ક્યાં રહો છો તેના આધારે, ગુજરાતી "ફેક્સિમાઇલ" મતપત્ર મેલ દ્વારા ઉપલબ્ધ થઈ શકે છે. ફેક્સિમાઇલ મતપત્ર એ એક ઉદાહરણ માટે અનુવાદ કરેલું મતપત્ર છે (જેની મત ગણતરી નહિ થાય) જે તમને તમારી અંગ્રેજી મતપત્ર સમજવામાં અને ભરવામાં સહાય કરશે. ફેક્સિમાઇલ મતપત્ર વિશે પૂછવા માટે તમારી કાઉન્ટી ચૂંટણી ઓફિસનો સંપર્ક કરો, અથવા https://voterstatus.sos.ca.gov પર તમારી પસંદીદા ભાષાને અપડેટ કરો.

**જો તમે રૂબરૂ મત આપી રહ્યા છો:** ભાષા સહાય તમે ક્યાં મતદાન નોંધણી કરાવી છે તેના પર નિર્ભર રહેશે. જો ગુજરાતી સહાયતા ઉપલબ્ધ હશે, તો ત્યાં અનુવાદ કરેલું ચિન્હ હશે અને સ્પષ્ટ રીતે દર્શાવેલ "ફેક્સિમાઇલ" મતપત્ર હશે. અંગ્રેજી મતપત્ર પર મતદાન કરવામાં તમારી સહાય માટે તમારે મતદાન મથકની અંદર લઇ જવા માટે નકલો હશે.

**રૂબરૂમાં મતદાન કરતી વખતે તમે મૌખિક સહાયનો ઉપયોગ કરી શકો છો:**
જો તમારા મતદાન સ્થળ અથવા મત કેન્દ્ર પર ગુજરાતી બોલનાર મતદાન કાર્યકર્તા હોય, તો તેઓ કઇ ભાષાઓ બોલે છે એનું **બેજ, રિબન અથવા સ્ટીકર પહેરેલું હશે**. ત્યાં કોઇ ગુજરાતી બોલે છે કે કેમ તે દર્શાવતી નિશાની હશે.

તમને **મત આપવામાં મદદ કરવા માટે બે લોકોને લાવવાની મંજૂરી** છે જો એ લોકો તમારા નિયોજક અથવા યુનિયનનું પ્રતિનિધિત્વ નહીં કરતા હોય તો. કુટુંબના સભ્ય અથવા મિત્રને લાવો!

**જો તમે કોઈ કાઉન્ટીમાં રહો છો જે ઉપર સૂચિબદ્ધ નથી, તો ગુજરાતી-ભાષાનું મતપત્ર અને સહાય ઉપલબ્ધ નથી.**